सत्यमेव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ: | ૨૩ | ૦૯ | ૨૦૨૦ |
| નોંધ્યા તારીખ: | ૨૩ | ૦૯ | ૨૦૨૦ |
| ફેંસલ તારીખ: | ૦૪ | ૦૫ | ૨૦૨૩ |
| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૭ | ૧૦ |

**ખેડા જિલ્લાના મહેરબાન ચોથા એડીશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રી વી.પી.અગ્રવાલ સાહેબશ્રીની કોર્ટમાં મુ.કપડવંજ.**

**સેશન્સ કેસ નં. ૩૦/૨૦૨૧**
**જુનો સેશન્સ કેસ નં. ૩૬/૨૦૨૦**
**આંક–૪૩**

**ફરીયાદી:** ધી સ્ટેટ ઓફ ગુજરાત
**(કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશન ફ. ગુ. ર. નં. ૨૧/૨૦૧૯)**

**વિરુધ્ધ**

**આરોપી :**
૧) કરશનનાથ ગેમનાથ મદારી
ઉ.વ.આ. ૬૦,
૨) પરદેશનાથ કરશનનાથ મદારી
ઉ.વ.આ. ૩૨,
૩) રોશનનાથ ઉર્ફે મુન્નાનાથ કરશનનાથ ગેમનાથ મદારી
ઉ.વ.આ. ૩૫,
૪) સવિતાબેન વા/ઓ કરશનનાથ ગેમનાથ મદારી
ઉ.વ.આ. ૫૩,
તમામ રહે. ડુંગરા વિસ્તાર, કરશનપુરા,
તા. કપડવંજ, જિ. ખેડા.

**બાબત : ભારતીય દંડ સંહિતાની કલમ ૪૫૭, ૪૩૬ તથા ૧૧૪ મુજબ**

**********************************************************************

ફરિયાદપક્ષ તર્ફે વિધ્વાન એ.પી.પી.શ્રી એમ. આર. પટેલ

આરોપીઓ તર્ફે વિધ્વાન વ.શ્રી જે. આર. પઠાણ

**********************************************************************

**: : ચુ કા દો : :**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા. ૨૯/૦૪/૨૦૧૯ના રોજ કલાક ૨૨:૩૦ વાગ્યે મોજે કરશનપુરા ડુંગરા વિસ્તારમા આવેલ ફરીયાદીશ્રીના ઘરનો દરવાજો તોડી આરોપી નં. (૪)નાએ જવલનશીલ પ્રવાહી ભરેલ કેરબો આપી આરોપી નં. (૧) તથા (૨)નાઓએ ફરીયાદીના ઘરની બહાર તથા અંદર જઈ પેટ્રોલ છાંટી આરોપી નં. (૩) તથા (૪)નાઓ પોતે દાઝી જઈ ઘરની અંદર મુકેલ કિમતી ચીજવસ્તુઓ તથા ઘરવખરીનો સામાન બાળી દઈ રૂા. ૨૦,૦૦૦/−નુ નુકશાન કરી ગુનો કરવામા એકબીજાની મદદગારી કરી ગુનો કરતા આરોપીઓ વિરૂઘ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૫૭, ૪૩૬, ૧૧૪ મુજબનો ગુનો કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફ. ગુ. ર. નં. ૨૧/૨૦૧૯થી નોંધવામાં આવેલ છે. ફરીયાદના આધારે તપાસ કરનાર અમલદારે તપાસ પૂર્ણ કરી આરોપીઓ વિરૂઘ્ધ પુરતો પુરાવો જણાઈ આવતાં કપડવંજના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) કપડવંજના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં આરોપીઓ હાજર થતાં, આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ−૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડીને આ કેસની સુનાવણી કરવાની સત્તા સેશન્સ કોર્ટને હોવાથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ−૨૦૯ મુજબ તા. ૨૪/૦૨/૨૦૨૦ના રોજ હુકમ કરીને સેશન્સ કોર્ટ, નડીઆદ તરફ કમીટ કરી મોકલી આપેલ છે.

(૩) આ કામે નામદાર સેશન્સ જજ, કપડવંજે આરોપીઓ ઉપસ્થિત થતાં, આરોપીઓ વિરુઘ્ધ આ ગુનાનું તહોમતનામું ફરમાવી શકાય તેટલો પુરાવો રેકર્ડ પર જણાઈ આવતાં

આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ ૪૫૭, ૪૩૬, ૧૧૪ મુજબ આંક–૦૮થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ અને તે લગત આરોપીઓનો અનુક્રમે આંક–૦૯, ૧૦, ૧૧ તથા આંક–૧૨થી જવાબ નોંધવામાં આવતાં તેઓએ પોતાનો ગુનો કબુલ ન હોવાનું જણાવી કેસની કાર્યવાહી આગળ ચલાવવા અને પોતાનો બચાવ કરવાનું પસંદ કરેલ છે.

(૪) ફરિયાદ પક્ષે પ્રસ્તુત કેસના સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક પુરાવાઓ રજુ કરેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

| સાહેદ નં. | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | ૧૩ | ફરીયાદી સાહેબનાથ ગોરખનાથ મદારીની જુબાની |
| ૦૨ | ૧૫ | સાહેદ વીનાનાથ જાફરનાથ મદારીની જુબાની |
| ૦૩ | ૧૬ | મેડીકલ ઓફીસર ડો. ઉમેશ પુંજાલાલ શાહની જુબાની |
| ૦૪ | ૨૪ | પંચસાહેદ આસીફભાઈ અબ્દુલભાઈ શેખની જુબાની |
| ૦૫ | ૨૭ | પંચસાહેદ ઈલીયાસભાઈ અલ્લારખા શેખની જુબાની |
| ૦૬ | ૨૮ | પંચસાહેદ મહેબુબબેગ સુલ્તાનબેગ મીરઝાની જુબાની |
| ૦૭ | ૩૨ | પોલીસ સાહેદ અનીલકુમાર ભાઈલાલભાઈ ઠાકોરની જુબાની |
| ૦૮ | ૩૮ | સાહેદ અજયનાથ કરશનનાથ મદારીની જુબાની |
| ૦૯ | ૩૯ | સાહેદ ધરમનાથ ભુપતનાથ મદારીની જુબાની |
| ૧૦ | ૪૦ | સાહેદ પ્રેમનાથ કવરનાથ મદારીની જુબાની |
| ૧૧ | ૪૧ | તપાસ કરનાર અમલદાર મહેશકુમાર દયારામ પટેલની જુબાની |

**:: દસ્તાવેજી પુરાવા ::**

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૪ | ફરીયાદ |
| ૨ | ૧૭ | ધર્મનાથ ભુપતનાથ મદારીનુ એમ.એલ.સી. સર્ટીફીકેટ |
| ૩ | ૧૮ | અજયનાથ કરશનનાથ મદારીનુ એમ.એલ.સી. સર્ટીફીકેટ |
| ૪ | ૧૯ | પ્રેમનાથ મદારીનુ એમ.એલ.સી. સર્ટીફીકેટ |
| ૫ | ૨૦ | વીરનાથ ધર્મનાથ મદારીનુ એમ.એલ.સી. સર્ટીફીકેટ |
| ૬ | ૨૧ | કરશનનાથ ગેમનાથ મદારીનુ એમ.એલ.સી. સર્ટીફીકેટ |

| | | |
|---|---|---|
| ૭ | ૨૨ | પરદેશનાથ કરશનનાથ મદારીનુ એમ.એલ.સી. સર્ટીફીકેટ |
| ૮ | ૨૩ | વીરનાથ ઘર્મનાથ મદારીની ફર્સ્ટ કન્સલ્ટેશન શીટ |
| ૯ | ૨૫ | ડીસ્કવરી પંચનામું |
| ૧૦ | ૨૬ | પંચ સ્લીપ |
| ૧૧ | ૨૯ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૧૨ | ૩૩ | સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૧૩ | ૩૪ | રવાનગી પત્રક |
| ૧૪ | ૩૫ | એફ.એસ.એલ.પહોંચ |
| ૧૫ | ૩૬ | એફ.એસ.એલ. પત્ર |
| ૧૬ | ૩૭ | એફ.એસ.એલ. પત્ર |

(૫) આ કામે ફરીયાદ પક્ષે પોતાને વિશેષ કોઈ પુરાવો આપવો નથી કે તપાસવો નથી તે મતલબની આંક–૪૨થી પુરસીસ રજુ કરેલ હોઈ આ કામે વિશેષ કોઈ લેખિત કે મૌખિક પુરાવો રજુ થયેલ નથી. આ કામે ફરીયાદ પક્ષના રજુ થયેલા તમામ પુરાવાઓ નોંધવામાં આવ્યા. ફરીયાદ પક્ષે રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ઘ્યાને લઈ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં મુખ્યત્વે આરોપીઓએ ફરીયાદ પક્ષના કેસની હકીકતોનો ઈન્કાર કરેલ છે.

(૬) ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એમ. આર. પટેલનાઓએ તેમની દલીલમાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓએ તા. ૨૯/૦૪/૨૦૧૯ના રોજ કલાક ૨૨:૩૦ વાગ્યે મોજે કરશનપુરા ડુંગરા વિસ્તારમા આવેલ ફરીયાદીશ્રીના ઘરનો દરવાજો તોડી આરોપી નં. (૪)નાએ જવલનશીલ પ્રવાહી ભરેલ કેરબો આપી આરોપી નં. (૧) તથા (૨)નાઓએ ફરીયાદીના ઘરની બહાર તથા અંદર જઈ પેટ્રોલ છાંટી આરોપી નં. (૩) તથા (૪)નાઓ પોતે દાઝી જઈ ઘરની અંદર મુકેલ કિમતી ચીજવસ્તુઓ તથા ઘરવખરીનો સામાન બાળી દઈ રૂા. ૨૦,૦૦૦/–નુ નુકશાન કરી ગુનો કરવામા એકબીજાની મદદગારી કરી ગુનો કરતા આરોપીઓ વિરૂઘ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૫૭, ૪૩૬, ૧૧૪ મુજબનો ગુનો કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફ. ગુ. ર.

નં. ૨૧/૨૦૧૯થી નોંધવામાં આવેલ છે. સદર કામે આંક–૦૮થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામું ફરમાવવામાં આવેલ. પ્રોસીકયુશન તર્ફે કુલ ૧૧ સાક્ષીઓને તપાસવામાં આવેલા છે. ફરીયાદપક્ષે નિ:શંકપણે કડીબધ્ધ રીતે પુરાવાથી શંકારહીત પોતાનો કેસ પુરવાર કરેલ છે. મેડીકલ ઓફીસરની જુબાનીથી આગ લાગતા ઈજા થયા હોવાની હકીકત જણાઈ આવે છે. વધુમાં સ્થળ પરીક્ષણ અહેવાલ મુજબ પણ બનાવ વાળા સ્થળ ઉપર આગ લાગેલા હોવાનુ તેમજ એફ.એસ.એલ. રીપોર્ટ મુજબ જવલનશીલ પદાર્થના કારણે બનાવવાળી જગ્યાએ આગ લાગેલાની હકીકત જણાઈ આવતી હોય ફરીયાદપક્ષ તરફે રજુ થયેલા પુરાવા મુજબ ગુનો પુરવાર થતો હોય આરોપીઓને તકસીરવાન ઠરાવવા અરજ ગુજારેલ છે.

બચાવ પક્ષ તરફે વિ. વકીલ શ્રી જે. આર. પઠાણની દલીલ છે કે, ફરીયાદપક્ષે પોતાનો કેસ બીયોન્ડ રીઝનેબલ ડાઉટ પુરવાર કરવાનો રહે છે. સદર કામે આંક–૧૩થી ફરીયાદી સાહેબનાથ ગોરખનાથ મદારીને તપાસેલ છે જેઓ જણાવે છે કે, બનાવ સમયે હું કપડવંજ મુકામે ન હતો અને બનાવની જગ્યાએ પણ હાજર ન હતો. તે હકીકત સ્વીકારે છે કે, બનાવ મેં નજરે જોયેલ નથી પરંતુ બીજાના કહેવાથી આરોપીઓના નામ આપેલા. ત્યારબાદ અન્ય સાહેદો તથા પંચસાહેદોને તપાસેલ જેઓ તેમની જુબાની દરમ્યાન ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલ જાહેર કરેલ. ફરીયાદ હકીકતોને તેઓ સમર્થન આપતા નથી. પંચનામા સ્પષ્ટપણે પુરવાર થયેલ નથી. ફરીયાદી તથા સાહેદો સદર કહેવાતો બનાવ નજરે જોયેલ નથી તેવું જણાવે છે. આ કામે વિરનાથે રમતા રમતા પેટ્રોલનો કેરબો પાડી દેતા આગ લાગી ગયેલી અને તેના કારણે ઘરમાં આગ લાગેલ ત્યારે તેને બચાવવા જતાં આરોપીઓ પણ દાઝી ગયેલા. આમ, આરોપીઓએ કહેવાતા ગુનાવાળી આગ લગાડી હોય તેવો કોઈ પુરાવો ફરીયાદપક્ષ તરફે રજુ થયેલો ન હોય આરોપીઓને ખોટી રીતે સદર ગુનાના કામે સંડોવેલ હોય શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૭) ઉપરોકત વિગતે ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો, બંને પક્ષોની દલીલો ધ્યાને લેતાં કેસના ન્યાયિક નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: <u>મુદ્દાઓ</u> ::**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૨૯/૦૪/૨૦૧૯ ના રોજ કલાક ૨૨:૩૦ વાગ્યાના સુમારે મોજે કરશનપુરા ડુંગરા વિસ્તારમાં આવેલ ફરીયાદીના ઘરના ઘરનો દરવાજો તોડી આરોપી નં. ૪ સવીતાબેને જવલનશીલ પ્રવાહી ભરેલ કેરબો આપી આરોપી નં. ૧ કરશનનાથ ગેમનાથ મદારી તથા આરોપી નં. ૨ પરદેશનાથ કરશનનાથ મદારીએ ફરીયાદીના ઘરની બહાર તથા અંદર જઈ પેટ્રોલ છાંટી આરોપી નં. ૩ રોશનનાથ ઉર્ફે મુન્નાનાથ મદારીએ દીવાસળી ચાંણી આગ સળગાવી આરોપી નં. ૩-જનાઓ પોતે દાઝી જઈ ઘરની અંદર મુકેલ કીમતી ચીજવસ્તુઓ તથા ઘરવખરીનો સામાન બાળી દઈ રૂા. ૨૦,૦૦૦/-નુ નુકશાન કરેલ. તેમ કરવામા આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ઈ.પી.કો. કલમ ૪૫૭, ૪૩૬ તથા ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

**<u>:: કારણો ::</u>**

(૯) ફરીયાદપક્ષે આ કામે આંક-૧૩થી ફરીયાદી સાહેબનાથ ગોરખનાથ મદારીને સાહેદ નં. ૦૧ તરીકે કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેમણે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓના નજીકમા કરશનનાથ ગેમનાથ મદારી રહે છે, કરશનનાથના દીકરાનુ નામ પરદેશનાથ છે અને પત્નીનુ નામ લીલાબેન છે. લીલાબેન તથા તેઓના

પરીવાર સાથે કાંઈ થયેલું નહી. તેઓ બહાર ગયેલા. સમાજના પંચ ધ્વારા જે ઝઘડો ગયો તે બાબતે સમાધાન થયેલું. મકાન બળી ગયું તે બાબતનો ઝઘડો હતો. તેઓના મકાનને આગ કોણે લગાવેલી તેની તેઓને ખબર નથી. તેઓને વાતોવાતથી જાણ થયેલી અને ખબર પડેલી. ફરીયાદ આં–૧૪થી રજુ છે. ફરીયાદપક્ષે ફરીયાદીને હોસ્ટાઈલ જાહેર કરેલ છે. ત્યારબાદ કોર્ટની પરવાનગી લીધા બાદ ફરીયાદપક્ષે ફરીયાદીની વિસ્તૃત ઉલટતપાસ કરવામા આવેલી છે પરંતુ ઉલટતપાસ દરમ્યાન પણ ફરીયાદ હકીકતને સમર્થન મળે તેવો કોઈ પુરાવો રજુ થયેલો નથી.

સદર સાહેદની ઉલટતપાસ બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવ સમયે તેઓ કપડવંજ મુકામે ન હતા અને બનાવની જગ્યાએ પણ હાજર ન હતા. બનાવ નજરે નજર જોયેલ નથી પરંતુ બીજાના કહેવાથી આરોપીઓના નામ આપેલા. એ હકીકત સ્વીકારેલ છે કે, આરોપીઓ અમારા સમાજના અને સબંધી થતા હોઈ હું તેઓને ઓળખું છું. એ હકીકત સ્વીકારેલ છે કે, આરોપીઓ સાથે હવે મારે કોઈ મનદુ:ખ કે તકરાર રહેલી નથી.

(૧૦) ફરીયાદપક્ષે આ કામે આંક–૧૫થી સાહેદ વીનાનાથ જાફરનાથ મદારીને સાહેદ નં. ૦૨ તરીકે કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેમણે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૨૯/૦૪/૧૮ના રોજ રાત્રીના સાડાદશ વાગ્યાના સુમારે તેઓ તેમના ઘરે હતા તે વખતે તેઓના ફળીયામા કરશનનાથ ગેનાનાથ મદારી તેમજ મુન્નાનાથ કરશનનાથ મદારી, પરદેશનાથ કરશનનાથ મદારી તે રીતના તેઓના મોટા કાકાના દીકરાના ઘર આગળ ઉભા હતા. તેઓના મોટા કાકાના દીકરાનુ નામ સાહેબનાથ ગોરખનાથ મદારી છે. તે લોકોએ શું કર્યુ તેની તેઓને ખબર નથી. તેઓ ત્યાંથી બહાર ગામ જવા નીકળી ગયેલા. થોડીવાર પછી વાતો વાતોથી જાણેલ કે, કરશનનાથ તથા મુન્નાનાથ અને પરદેશનાથ દાઝી ગયેલા છે. આ સિવાય તેઓ કાંઈ જાણતા નથી. ફરીયાદપક્ષે સદર સાહેદને હોસ્ટાઈલ જાહેર કરેલ છે. ત્યારબાદ કોર્ટની પરવાનગી લીધા બાદ ફરીયાદપક્ષે સદર સાહેદની વિસ્તૃત ઉલટતપાસ કરવામા આવેલી છે પરંતુ

ઉલટતપાસ દરમ્યાન પણ ફરીયાદની હકીકતને સમર્થન મળે તેવો કોઈ પુરાવો રજુ થયેલો નથી.

સદર સાહેદની ઉલટતપાસ બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલ છે, જેમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ સ્થળે તેઓ હાજર ન હતા, તેઓએ નજરો નજર કાંઈ જોયેલ નથી. એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓએ પોલીસને માત્ર નામ ઠામ જણાવેલ તે સિવાય કાંઈ જણાવેલ નહી.

(૧૧) ફરીયાદપક્ષે આ કામે આંક–૧૬થી મેડીકલ ઓફીસર ડો. ઉમેશ પુંજાલાલ શાહને સાહેદ નં. ૦૩ તરીકે કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેમણે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ કપડવંજ ખાતે હાર્દ સર્જીકલ હોસ્પીટલમાં જનરલ સર્જન તરીકે તેઓની હોસ્પીટલમાં સેવા આપે છે. તા. ૨૯/૦૪/૧૯ નાં રોજ રાત્રીનાં ૧૦:૪૦ નાં અરસામાં યાદી સીવાય દરદીઓ નામે ધરમનાથ ભુપતનાથ મદારી તથા અજયનાથ કરશનનાથ મદારી તથા પ્રેમનાથ કવરનાથ મદારી તથા વીરનાથ ધરમનાથ મદારી તથા કરશનનાથ ગેમનાથ મદારી અને પરદેશનાથ કરશનનાથ મદારીનાંઓ આવેલા. આ દરદીઓને તેઓની હોસ્પીટલમાં કેસ કાઢી સારવાર તપાસ કરેલી. દરદીઓને હીસ્ટ્રી પુછતાં તમામ દરદીઓએ એક સરખી હકીકત જણાવેલી કે, વીરનાથે રમતા રમતા પેટ્રોલનો કેરબો ઢોળી આગ ચાંપતા ઘરમાં આગ લાગતાં બચાવવા જતા તા. ૨૯/૦૪/૧૯નાં રોજ રાત્રીનાં ૧૦:૨૫ કલાકે દાઝયેલાની વિગત જણાવેલી. પ્રમથ તેઓએ ધરમનાથ મદારીને તપાસતાં તેઓ જમણા હાથે, બંને પગ અને બંને સાથળનાં પાછળનાં ભાગે દાઝી ગયેલા. તેઓ ભાનમાં હતા અને તેમનાં બી.પી. પલ્સ નોર્મલ હતા. આ દરદીને ફર્સ્ટ ડીગ્રીથી સેકન્ડ ડીગ્રીનું બર્ન્સની ઈજા હતી. તેઓ શરીરે ૧૦ ટકા દાઝેલી હાલતમાં હતા. તેઓને હોસ્પીટલમાં તા. ૨૯/૦૪/૧૯ના રોજ દાખલ કરેલા અને તા. ૦૧/૦૫/૧૯ના રોજ ડીસ્ચાર્જ કરેલા. આ ઈજાઓ તાજી હતી અને કોઈ કોમ્પ્લીકેશન ના થાય તો વીસ દીવસમાં રીકવર થઈ શકે તેવી હતી. ત્યારબાદ તે જ દીવસે દરદી અજયનાથ મદારીને તપાસતાં તેમને ચહેરા પર, બંને હાથ ઉપર, પેટ ઉપર,

અને બંને પગમાં દાઝી ગયેલા. તેઓ ભાનમાં હતા અને તેમનાં બી.પી. પલ્સ નોર્મલ હતા. આ દરદીને ફર્સ્ટ ડીગ્રીથી સેકન્ડ ડીગ્રીનું બર્ન્સની ઈજા હતી. તેઓ શરીરે ૧૨ ટકા દાઝેલી હાલતમાં હતા. તેઓને હોસ્પીટલમાં તા. ૨૯/૦૪/૧૯ના રોજ દાખલ કરેલા અને તા. ૦૧/૦૫/૧૯ના રોજ ડીસ્ચાર્જ કરેલા. આ ઈજાઓ તાજી હતી અને કોઈ કોમ્પ્લીકેશન ના થાય તો ત્રીસ દીવસમાં રીકવર થઈ શકે તેવી હતી. ત્યારબાદ તે જ દીવસે દરદી પ્રેમનાથ મદારીને તપાસતાં તેમને બંને હાથ, બંને પગ અને ડાબી બાજુ ચહેરા ઉપર દાઝી ગયેલા. તેઓ ભાનમાં હતા અને તેમનાં બી.પી. પલ્સ નોર્મલ હતા. આ દરદીને ફર્સ્ટ ડીગ્રીથી સેકન્ડ ડીગ્રીનું બર્ન્સની ઈજા હતી. તેઓ શરીરે ૧૨ ટકા દાઝેલી હાલતમાં હતા. તેઓને હોસ્પીટલમાં તા. ૨૯/૦૪/૧૯નાં રોજ દાખલ કરેલા અને તા. ૦૧/૦૫/૧૯ના રોજ ડીસ્ચાર્જ કરેલા. આ ઈજાઓ તાજી હતી અને કોઈ કોમ્પ્લીકેશન ના થાય તો ત્રીસ દીવસમાં રીકવર થઈ શકે તેવી હતી. ત્યારબાદ તે જ દીવસે દરદી વીરનાથ મદારી, ઉ.આ.વર્ષ–૦૫ને તપાસતાં તેમને બંને હાથ, બંને પગ અને પેઢા ઉપર દાઝી ગયેલા. તેઓ ભાનમાં હતા અને તેમનાં બી.પી. પલ્સ નોર્મલ હતા. આ દરદીને ફર્સ્ટ ડીગ્રીથી સેકન્ડ ડીગ્રીનું બર્ન્સની ઈજા હતી. તેઓ શરીરે ૧૮ ટકા દાઝેલી હાલતમાં હતા. તેઓને હોસ્પીટલમાં તા. ૨૯/૦૪/૧૯નાં રોજ દાખલ કરેલા અને તા. ૦૫/૦૫/૧૯નાં રોજ ડીસ્ચાર્જ કરેલા. આ ઈજાઓ તાજી હતી. દરદીને વધુ સારવાર માટે પ્લાસ્ટીક સર્જન પાસે રીફર કરેલા. ત્યારબાદ તે જ દીવસે દરદી કરશનનાથ મદારીને તપાસતાં તેમને બંને હાથ, બંને પગ અને ગળામાં દાઝી ગયેલા. તેઓ ભાનમાં હતા અને તેમનાં બી.પી. પલ્સ નોર્મલ હતા. આ દરદીને ફર્સ્ટ ડીગ્રીથી સેકન્ડ ડીગ્રીનું બર્ન્સની ઈજા હતી. તેઓ શરીરે ૨૫ ટકા દાઝેલી હાલતમાં હતા. તેઓને હોસ્પીટલમાં તા. ૨૯/૦૪/૧૯નાં રોજ દાખલ કરેલા અને તા. ૦૧/૦૫/૧૯નાં રોજ ડીસ્ચાર્જ કરેલા. આ ઈજાઓ તાજી હતી અને કોઈ કોમ્પ્લીકેશન ના થાય તો ૩૦ થી ૪૫ દીવસમાં રીકવર થઈ શકે તેવી હતી. ત્યારબાદ તે જ દીવસે દરદી પરદેશનાથ મદારીને તપાસતાં તેમને ચહેરા પર, બંને કોણી ઉપર અને બંને હાથ ઉપર દાઝી ગયેલા. તેઓ ભાનમાં હતા અને તેમનાં બી.પી. પલ્સ નોર્મલ હતા. આ દરદીને ફર્સ્ટ ડીગ્રીથી સેકન્ડ ડીગ્રીનું બર્ન્સની ઈજા હતી.

તેઓ શરીરે ૧૦ ટકા દાઝેલી હાલતમાં હતા. તેઓને હોસ્પીટલમાં તા. ૨૯/૦૪/૧૯નાં રોજ દાખલ કરેલા અને તા. ૦૧/૦૫/૧૯નાં રોજ ડીસ્ચાર્જ કરેલા. આ ઈજાઓ તાજી હતી અને કોઈ કોમ્પ્લીકેશન ના થાય તો ત્રીસ દીવસમાં રીકવર થઈ શકે તેવી હતી. તેઓએ તપાસેલા તમામ દરદીઓ શરીરનાં કયા કયા ભાગે દાઝેલા તે અંગે સર્ટીફીકેટની પાછળના ભાગે જરૂરી આકૃતીઓ દોરેલી છે. તમામ દરદીઓને જરૂરી સારવાર તપાસ કરી દવાઓ આપેલી. મેડીકલ સર્ટીફીકેટો અનુક્રમે આંક–૧૭ થી આંક–૨૨ છે.

સદર સાહેદની ઉલટતપાસ બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલ છે. જેમાં તેઓ એ હકીકત સ્વીકારેલ છે કે, કરશનનાથ ગેમનાથ મદારી અને પરદેશનાથ કરશનનાથ મદારીએ તેઓની સારવાર દરમ્યાન એવી હકીકત જણાવેલ કે, તેઓ વીરનાથને બચાવવા જતા દાઝી ગયેલા છે. એ હકીકત સ્વીકારેલ છે કે, ધરમનાથ ભુપતનાથ મદારી તથા અજયનાથ કરશનનાથ મદારી તથા પ્રેમનાથ કવરનાથ મદારીએ પણ હીસ્ટ્રીમા એવું જણાવેલ કે, વીરનાથના કારણે પેટ્રોલમાં આગ લાગી જતા તે દાઝી ગયેલો અને તેને બચાવવા જતા તેઓ દાઝી ગયેલા. એ હકીકત સ્વીકારેલ છે કે, કોઈ જગ્યાએ આગ લાગે અને તેને ઓલવવાનો પ્રયત્ન કરવામા આવે તો દરદીઓને થયેલી ઈજાઓ સંભવી શકે.

(૧૨) ફરીયાદપક્ષે આ કામે આંક–૨૪થી પંચસાહેદ આસીફભાઈ અબ્દુલભાઈ શેખને સાહેદ નં. ૦૪ તરીકે તથા આંક–૨૭થી પંચસાહેદ ઈલીયાસભાઈ અલ્લારખા શેખને સાહેદ નં. ૦૫ તરીકે કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ બંને પંચસાહેદો એ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓની હાજરીમાં કોઈ ઈસમોને બોલાવ્યા હોય અને તેઓ કાંઈ બતાવવા માંગતા હોય તેવું જણાવી તેનું પંચનામું કરવાની સમજ કરી હોય અને પંચનામું કર્યુ હોય તેવું કાંઈ બનેલ નથી. તેઓએ માત્ર સહીઓ કરેલી. ફરીયાદપક્ષે સદર પંચસાહેદોને હોસ્ટાઈલ જાહેર કરેલ છે. ત્યારબાદ કોર્ટની પરવાનગી લીધા બાદ ફરીયાદપક્ષે સદર પંચસાહેદોની વિસ્તૃત

ઉલટતપાસ કરવામા આવેલી છે પરંતુ ઉલટતપાસ દરમ્યાન પણ પંચનામાની હકીકતને સમર્થન મળે તેવો કોઈ પુરાવો રજુ થયેલો નથી.

સદર પંચસાહેદોની ઉલટતપાસ બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલ છે, જેમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલી તે સિવાય કશું જાણતા નથી.

(૧૩) ફરીયાદપક્ષે આ કામે આંક–૨૮થી પંચસાહેદ મહેબુબબેગ સુલ્તાનબેગ મીર્ઝાને સાહેદ નં. ૦૬ તરીકે કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. સદર પંચસાહેદે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓને પોલીસ સ્ટેશને બોલાવી તેઓની પાસે સહીઓ કરાવેલી. ઘરમાં આગ લાગેલી હતી તેટલી તેઓને ખબર છે તે સિવાય તેઓને કાંઈ ખબર નથી. તેઓની હાજરીમાં કોઈ મુદ્દામાલ કબ્જે કરેલ નથી. ફરીયાદપક્ષે સદર પંચસાહેદને હોસ્ટાઈલ જાહેર કરેલ છે. ત્યારબાદ કોર્ટની પરવાનગી લીધા બાદ ફરીયાદપક્ષે સદર પંચસાહેદની વિસ્તૃત ઉલટતપાસ કરવામા આવેલી છે પરંતુ ઉલટતપાસ દરમ્યાન પણ પંચનામાની હકીકતને સમર્થન મળે તેવો કોઈ પુરાવો રજુ થયેલો નથી.

સદર પંચસાહેદની ઉલટતપાસ બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલ છે, જેમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલી તે સિવાય કશું જાણતા નથી.

(૧૪) ફરીયાદપક્ષે આ કામે આંક– ૩૨થી તપાસ કરનાર અમલદાર અનીલકુમાર ભાઈલાલભાઈ ઠાકોરને સાહેદ નં. ૦૭ તરીકે કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેમણે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામે ફરીયાદીએ ફરીયાદ આપતા તેઓના પો. સ્ટે. માં ફ. ગુ. ર. નં. ૨૧/૧૯થી ગુનો દાખલ કરેલ તેઓએ તા. ૦૬/૦૫/૧૯ ના રોજ ગુનાવાળી જગ્યાનુ પંચનામું કરેલ તથા ડોકટરશ્રી પાસેથી મેડીકલ સર્ટીફીકેટો

તપાસના કામે મેળવેલા તથા લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. ત્યારબાદ આ ગુનાની વધુ તપાસ તેઓની બદલી થતા પો.ઈ. એમ.ડી.પટેલને સોંપેલી.

સદર સાહેદની ઉલટતપાસ બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકત ઈન્કારેલ છે કે, તેઓની તપાસ દરમ્યાન એવી હકીકત જાહેર થયેલી કે પાંચ વર્ષના બાળકે રમતા રમતા પેટ્રોલનો કેરબો પાડી દેતા આગ લાગેલ. તે હકીકત સ્વીકારેલ છે કે બનાવમાં આરોપીઓ તથા આરોપીઓના નજીકના સબંધીઓ પણ દાઝી ગયેલા. એ હકીકત સ્વીકારેલ છે કે, સદર કામે મદારી સમાજ સિવાય અન્ય કોઈ લોકોના નિવેદનો લીધેલા નથી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે તૈયાર પંચનામામાં પંચોની સહીઓ કરાવેલ અને સાહેદોના નિવેદનો ફરીયાદને અનુરૂપ જાતે લખી લીધેલા છે.

(૧૫) ફરીયાદપક્ષે આ કામે આંક–૩૮થી સાહેદ અજયનાથ કરશનનાથ મદારીને સાહેદ નં. ૦૮ તરીકે કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેમણે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૨૯/૦૪/૧૮ના રોજ તેઓ જમીને સુઈ ગયેલ તે વખતે દસ વાગ્યે જોરજોરથી બુમો થવા લાગેલા. તેઓએ જોયેલ તો સાહેબનાથ ગોરખનાથ મદારીનુ ઘર સળગતુ હતુ અને ત્યાં બુમાબુમ થતી હતી જેથી તેઓ નજીકમાં ગયેલા ત્યાં જઈ જોયેલ તો તેઓના મમ્મી સવીતાબેન કરશનનાથ તથા તેઓનો ભાઈ મુન્નાનાથ બહાર બુમાબુમ કરી બચાવો બચાવો કહેતા હતા. તેઓના પિતાજી તથા ભાઈ પ્રદેશનાથ ઘરની અંદર ફાસઈ ગયેલ જેથી તેઓ તથા તેઓના વેવાઈ ભુપતનાથ જીજુનાથ મદારી તથા બીજા લોકોએ ભેગા મળી તેઓને બચાવા ગયેલા તે વખતે તેઓ પણ શરીરે દાઝી ગયેલા. ઘરમનાથ મદારીનો નાનો દીકરો વીરનાથ પણ આગ બહાર સુધી આવેલો હોય અચાનક દાઝી ગયેલો. સાહેબનાથનુ ઘર કઈ રીતે સળગ્યુ તેની તેઓને ખબર નથી.

સદર સાહેદની ઉલટતપાસ બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલ છે, જેમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ વીરનાથ ઉ.વ. ૫ નાઓ રમતા રમતા પેટ્રોલનો કેરબો ઢોળી દેતા આગ લાગી જતા બનેલો. એ હકીકત સ્વીકારેલ છે કે, નજીકમા ચુલ્હો

પણ સળગતો હતો જેના ઉપર જમવાનુ બનાવવાનું હતું. એ હકીકત સ્વીકારેલ છે કે, વીરનાથ દાઝી જતા તેને બચાવા ગયેલ તેથી તેઓ તથા અન્ય લોકો દાઝી ગયેલા.

(૧૬) ફરીયાદપક્ષે આ કામે આંક–૩૯થી સાહેદ ધરમનાથ ભુપતનાથ મદારીને સાહેદ નં. ૦૯ તરીકે કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેમણે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૨૯/૦૪/૧૮ના રોજ તેઓ જમીને સુઈ ગયેલ તે વખતે દસ વાગ્યે જોરજોરથી બુમો થવા લાગેલા. તેઓએ જોયેલ તો સાહેબનાથ ગોરખનાથ મદારીનુ ઘર સળગતુ હતુ અને ત્યાં બુમાબુમ થતી હતી જેથી તેઓ નજીકમાં ગયેલા ત્યાં જઈ જોયેલ તો તેઓના સાસુ સવીતાબેન કરશનનાથ તથા તેઓનો સાળો મુન્નાનાથ બહાર બુમાબુમ કરી બચાવો બચાવો કહેતા હતા. તેઓના સસરા તથા સાળો પ્રદેશનાથ ઘરની અંદર ફાસઈ ગયેલ જેથી તેઓ તથા તેઓના પિતાજી ભુપતનાથ જીજુનાથ મદારી તથા બીજા લોકોએ ભેગા મળી તેઓને બચાવા ગયેલા તે વખતે તેઓ પણ શરીરે દાઝી ગયેલા. તેઓનો નાનો દીકરો વીરનાથ પણ આગ બહાર સુધી આવેલો હોય અચાનક દાઝી ગયેલો. સાહેબનાથનુ ઘર કઈ રીતે સળગ્યુ તેની તેઓને ખબર નથી.

સદર સાહેદની ઉલટતપાસ બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલ છે, જેમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ વીરનાથ ઉ.વ. ૫ નાઓ રમતા રમતા પેટ્રોલનો કેરબો ઢોળી દેતા આગ લાગી જતા બનેલો. એ હકીકત સ્વીકારેલ છે કે, નજીકમા ચુલ્હો પણ સળગતો હતો જેના ઉપર જમવાનુ બનાવવાનું હતું. એ હકીકત સ્વીકારેલ છે કે, વીરનાથ દાઝી જતા તેને બચાવા ગયેલ તેથી તેઓ તથા અન્ય લોકો દાઝી ગયેલા.

(૧૭) ફરીયાદપક્ષે આ કામે આંક–૪૦થી સાહેદ પ્રેમનાથ કવરનાથ મદારીને સાહેદ નં. ૧૦ તરીકે કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેમણે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૨૯/૦૪/૧૮ના રોજ તેઓ જમીને સુઈ ગયેલ તે વખતે દસ વાગ્યે જોરજોરથી બુમો થવા લાગેલા. તેઓએ જોયેલ તો સાહેબનાથ ગોરખનાથ મદારીનુ ઘર સળગતુ હતુ અને ત્યાં બુમાબુમ થતી હતી જેથી તેઓ નજીકમાં ગયેલા ત્યાં જઈ

જોયેલ તો તેઓના નાના કરશનનાથ તથા તેઓનો મામા પ્રદેશનાથ ઘરની અંદર ફાસઈ ગયેલ જેથી તેઓના સબંધી ભુપતનાથ જીજુનાથ મદારીને તેઓના મામા અજયનાથનાઓએ મળી બચાવવા ગયેલા તે વખતે તેઓ પણ શરીરે દાઝી ગયેલા. સાહેબનાથનુ ઘર કઈરીતે સળગ્યુ તેની તેઓને ખબર નથી.

સદર સાહેદની ઉલટતપાસ બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલ છે, જેમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ વીરનાથ ઉ.વ. ૫ નાઓ રમતા રમતા પેટ્રોલનો કેરબો ઢોળી દેતા આગ લાગી જતા બનેલો. એ હકીકત સ્વીકારેલ છે કે, નજીકમા ચુલ્હો પણ સળગતો હતો જેના ઉપર જમવાનુ બનાવવાનું હતું. એ હકીકત સ્વીકારેલ છે કે, વીરનાથ દાઝી જતા તેને બચાવા ગયેલ તેથી તેઓ તથા અન્ય લોકો દાઝી ગયેલા.

(૧૮) ફરીયાદપક્ષે આ કામે આંક–૪૧થી તપાસ કરનાર અમલદાર મહેશકુમાર દયારામ પટેલને સાહેદ નં. ૧૧ તરીકે કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેમણે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓના પોલીસ સ્ટેશનના ગુના રજી. નં. ર૧/૧૯થી ફરીયાદીની ફરીયાદના કાગળો તેઓને તપાસમા પોલીસ ઈન્સ્પેકટર એ.બી.ઠાકોર પાસેથી મળેલા. મોટાભાગની તપાસ એ.બી.ઠાકોરનાઓએ કરેલી. તેઓએ ગુનાના કામે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા જરૂરી કાર્યવાહી કરી ચાર્જશીટ કરેલું.

સદર સાહેદની ઉલટતપાસ બચાવ પક્ષ તર્ફે કરવામાં આવેલ છે, જેમાં તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આરોપીઓ વિરૂધ્ધ કોઈ પુરાવો ન હોવા છતાં ખોટું ચાર્જશીટ કરેલ છે.

(૧૯) આ કામે હાલના આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ ૪૫૭, ૪૩૬ તથા ૧૧૪ મુજબનો ચાર્જફ્રેમ કરવામાં આવેલ છે. બંને પક્ષની દલીલ, ફરિયાદ પક્ષ તર્ફે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લેતાં ફરિયાદ પક્ષના કેસની મુખ્ય હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદીના ઘરનો દરવાજો તોડી ઘરની બહાર તથા અંદર જઈ

પેટ્રોલ છાંટી દિવાસળી ચાંણી આગ સળગાવી આરોપીઓ પોતે દાઝી જઈ તથા ઘરની અંદર મુકેલ કીમતી ચીજવસ્તુઓ તથા ઘરવખરીનો સામાન બાળી દઈ રૂા. ૨૦,૦૦૦/– નુ નુકશાન કરી ઈ.પી.કો. કલમ ૪૫૭, ૪૩૬ તથા ૧૧૪ મુજબનો ગુનો કપડવંજ ટાઉન પોલીસ સ્ટે.માં ફ.ગુ.ર.નં. ૨૧/૨૦૧૯થી નોંધવામાં આવેલ છે.

સદર કામના ફરીયાદીએ સાહેદ નં. ૦૧ આંક–૧૩થી સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જાહેર કરેલ છે કે, બનાવ સમયે તેઓ બહાર હતા તે સમયે જાણ થયેલી કે તેઓના ઘરમાં આગ લાગેલ છે તેથી તેઓએ ફરીયાદ આપેલી. બનાવમાં કોઈ દાઝી ગયેલ હોય તેવુ તેઓ જણાવતા ન હોઈ ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે. ઉલટતપાસ દરમ્યાન પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવો કોઈ પુરાવો રજુ કરેલો નથી. બચાવપક્ષની ઉલટતપાસ દરમ્યાન તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવ નજરે જોયેલો નથી અને બીજાના કહેવાથી આરોપીઓના નામ આપેલા. ફરીયાદપક્ષે આંક–૧૫થી સાહેદ નં. ૦૨ વિનાનાથને તપાસેલા છે. તેઓ તેમના સોગંદ ઉપરની જુબાનીમા એવી હકીકત જણાવેલ છે કે, બનાવ તારીખના રોજ આરોપીઓ તેમના ઘરની આગળ ઉભા હતા, તે લોકોએ શું કર્યુ તેની ખબર નથી. વાતોવાતથી જાણેલ કે કરશનનાથ, મુન્નાનાથ તથા પરદેશનાથ દાઝી જતા દવાખાને લઈ ગયેલા. બચાવપક્ષની ઉલટતપાસ દરમ્યાન તેઓએ એ હકીકત સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ સ્થળ પર હાજર ન હતા તેઓએ નજરો નજર કાંઈ જોયેલ નથી. ફરીયાદપક્ષે આંક–૧૬ સાહેદ નં. ૦૩થી ડો. ઉમેશ પુંજાલાલ શાહને તપાસેલ છે જેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જાહેર કરેલ છે કે, તા. ૨૯/૦૪/૧૯ના રોજ તેઓની હાર્દ સર્જીકલ હોસ્પી. મુકામે દર્દી નામે ધરમનાથ ભુતનાથ, અજયનાથ કરશનનાથ, પ્રેમનાથ કવરનાથ તથા વિરનાથ ધરમનાથ તેમજ કરશનનાથ ગેમનાથ અને પરદેશનાથ કરશનનાથ મદારીઓ સારવાર અર્થે આવેલા. આ તમામ દર્દીઓએ હીસ્ટરીમાં એવી હકીકત જાહેર કરેલ કે,''વિરનાથે રમતા રમતા પેટ્રોલનો કેરબો ઢોળી આગ ચાંપતા ઘરમાં આગ લાગતા બચાવવા જતા દાઝયા'' આમ, મેડીકલ ઓફીસરની જુબાની તેમજ આંક–૧૭થી આંક–૨૨વાળા મેડીકલ સર્ટીફીકેટ મુજબ બનાવ સમયે વિરનાથે રમતા

રમતા પેટ્રોલનો કરબો ઢોળી દેતા ઘરમાં આગ લાગતા દાઝી ગયા હોવાની હકીકત જાહેર થયેલ છે. ફરીયાદપક્ષ તરફે તપાસેલા તમામ સાહેદોની જુબાનીથી આરોપીઓએ ઘરમા આગ લગાવી હોય તેવો લેશમાત્ર પુરાવો રજુ થયેલો નથી. પંચનામાની હકીકત મુજબ આરોપીઓએ બળજબરીપુર્વક ગૃહપ્રવેશ કરી ફરીયાદીના ઘરને આગ લગાડી હોય તેવો પણ કોઈ પુરાવો ફરીયાદપક્ષે રજુ થયેલ નથી. આંક–૩૩થી રજુ સ્થળ પરીક્ષણ અહેવાલ તેમજ આંક–૩૭થી રજુ એફ.એસ.એલ. રીપોર્ટ મુજબ બનાવ સ્થળ ઉપરથી કબ્જે કરેલ અર્ધ બળેલા કપડાના ટુકડા, કોલસા તથા અન્ય મટીરીયલ ઉપરથી પેટ્રોલીયમ હાઈડ્રોકાર્બનની હાજર મળી આવેલ નથી. આમ, આરોપીઓએ ફરીયાદીના ઘર ઉપર પેટ્રોલ છાંટી આગ લગાડેલ હોય તેવી હકીકત જણાઈ આવતી નથી. વધુમાં મેડીકલ ઓફીસર રૂબરૂ આપેલી હીસ્ટરી મુજબ આ કામે આરોપીઓના સબંધીઓ વિરનાથને બચાવવા જતા દાઝી ગયા હોવાની હકીકત આંક–૩૮, ૩૯ અને ૪૦ની જુબાની પરથી સ્પષ્ટપણે જણાઈ આવે છે. આમ, ફરીયાદપક્ષ આ કામના આરોપીઓએ ફરીયાદીના ઘરનો દરવાજો તોડી જવલનશીલ પ્રવાહી છાંટી દીવાસળી ચાંપી દઈ ઘરમાં મુકેલી ચીજવસ્તુઓ બાળી નાંખી રૂા. ૨૦,૦૦૦/–નુ નુકશાન કર્યાની હકીકત ફરીયાદપક્ષ નિ:શંક અને કડીબધ્ધ પુરાવાથી પુરવાર કરી શકેલ નથી.

ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સનો એવો સ્પષ્ટ સિધ્ધાંત છે કે, ફરિયાદ પક્ષે તેનો કેસ નિ:શંક અને કડીબધ્ધ રીતે પુરવાર કરવાનો રહે છે અને જો ફરિયાદ પક્ષ મૌખિક અને દસ્તાવેજી પુરાવા ઉપરથી આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદની હકીકત સ્પષ્ટ પણે પુરવાર કરી શકેલ ના હોય તો તેનો લાભ આરોપીઓને મળી શકે છે. આ કામે રજૂ થયેલ ફરિયાદ પક્ષના તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવા ઉપરથી એ હકીકત નિ:શંક અને કડીબધ્ધ રીતે પુરવાર થતી નથી કે, આ કામના આરોપીઓએ ફરીયાદીના ઘરનો દરવાજો તોડી ઘરની બહાર તથા અંદર જઈ પેટ્રોલ છાંટી દિવાસળી ચાંણી આગ સળગાવી આરોપીઓ પોતે દાઝી જઈ તથા ઘરની અંદર મુકેલ કીમતી ચીજવસ્તુઓ તથા ઘરવખરીનો સામાન બાળી દઈ રૂા. ૨૦,૦૦૦/–નુ નુકશાન કરી ઈ.પી.કો. કલમ ૪૫૭, ૪૩૬ તથા ૧૧૪ મુજબનો ગુનો કર્યો હોય. આથી હાલના કેસની હકીકતોને ધ્યાને લેતાં

મુદ્દા નં. ૦૧નો જવાબ નકારમા ઠરાવી મુદ્દા નં. ૦૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: આ ખ રી હુ ક મ ::-**

(૧) આ કામના આરોપી નં. (૧) કરશનનાથ ગેમનાથ મદારી, નં. (૨) પરદેશનાથ કરશનનાથ મદારી, નં. (૩) રોશનનાથ ઉર્ફે મુન્નાનાથ કરશનનાથ ગેમનાથ મદારી તથા નં. (૪) સવીતાબેન વા/ઓ કરશનનાથ ગેમનાથ મદારી તમામ રહે. ડુંગરા વિસ્તાર, કરશનપુરા, તા. કપડવંજ, જિ. ખેડાનાઓને ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ-૨૩૫(૧) મુજબ તેઓની સામેના ભારતીય દંડ સંહીતાની કલમ ૪૫૭, ૪૩૬ તથા ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાઓમાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓએ ક્રિમીનલ પ્રોસિઝર કોડની કલમ-૪૩૭(એ) મુજબ અપીલ પીરીયડ સુધીના રૂા. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર)ના જામીન તેમજ જાત મુચરકા રજૂ કરવા.

(૩) આરોપીઓએ પોતાના કાયમી રહેઠાણના સરનામા તથા કોન્ટેક નંબર પુરસીસથી જાહેર કરવા.

(૪) આ કામે કબજે લીધેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૦૪મી, માહે મે, સને-૨૦૨૩ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૦૪/૦૫/૨૦૨૩
સ્થળ: કપડવંજ

**(વિજય પ્રેમચંદ અગ્રવાલ)**
**CODE NO.GJ00689**
ચોથા એડીશનલ સેશન્સ જજ,
ખેડા એટ કપડવંજ.

NMJ